# શહેરમાં વધુ ૩ અને જિલ્લામાં ૨ નવા કેસ

## સેક્ટર-૩/સી અને સેક્ટર-૭/ડી કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયો : ફ્રન્ટ વોરિયર ગણાતા મીડિયાકર્મીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્ર ભારે વિમાસણમાં : સે. ૩ માં પિતા-પુત્રનો રિપોર્ટ પોઝીટીવ : સે. ૭માંથી પણ એક નવો કેસ આવતાં શહેરમાં સન્નાટો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાંથી કોરોના પોઝીટીવના વધુ ૩ અને ગ્રામ્ય વિસ્તારમાંથી વધુ એક કેસ કોરોનાનો નોંધાતાં આરોગ્યતંત્ર સહિત સમગ્ર વહીવટીતંત્રમાં પણ સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલ પેથાપુર ખાતે રહેતા એક મીડિયા કર્મીને આજે સવારે કોરોના પોઝીટીવ જણાયો હતો. આ મીડિયા કર્મીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં ભાજપના અગ્રણીઓ સહિત તંત્રના સૌ ચોંકી ઉઠ્યા છે. આ મીડિયા કર્મી ગઈકાલે જ શહેર ભાજપના આગેવાનો સાથે સંપર્કમાં આવ્યો હતો અને કીટ વિતરણના કાર્યક્રમનું કવરેજ પણ કર્યુ હતુ.

આ મિડિયા કર્મી પોઝીટીવ જણાતાં આજે તંત્ર દ્વારા સે. ૧૧ સ્થિત અખબારભવનની કચેરી તેમજ આ કર્મયોગીની કચેરીનું સેનીટાઈઝેશન કરવામાં આવ્યુ હતુ. ફ્રન્ટ વોરિયર તરીકે ઓળખાતા મિડિયા કર્મીનો ગાંધીનગરમાં પહેલો કેસ પોઝીટીવ આવ્યો છે. આ મિડિયા કર્મી સચિવાલયમાં યોજાતી કોન્ફરન્સમાં પણ સતત હાજર રહેતો હોવાથી તંત્રના અધિકારીઓ ચોંકી ઉઠ્યા છે.

તંત્ર દ્વારા હાલ આ મિડિયા કર્મીના સંપર્કમાં આવેલા લોકોની યાદી બનાવવાની કામગીરીમાં વ્યસ્ત બનેલ છે. આ મિડિયા કર્મીના પેથાપુર ખાતેના નિવાસસ્થાનને પણ સેનીટાઈઝ કરવામાં આવેલ છે.

આ મીડિયા કર્મીને સારવાર માટે કોલવડા આયુર્વેદ કોલેજ ખાતે ઉભા કરાયેલ કોવિડ કેર સેન્ટરમાં રાખવામાં આવ્યા છે. તેમના પરિવારના સાત સભ્યોને પણ તંત્ર દ્વારા ફેસીલીટી ક્વોરોન્ટાઈન સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.



મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં પણ આજે વધુ ૩ પોઝીટીવ કેસ મળી આવતાં મનપા આરોગ્યતંત્રની દોડધામ વધી જવા પામી છે.

### નજીકના સેક્ટરો ૨, ૪, ૫, ૬ ને પણ બફર ઝોન વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવશે

સે. ૩ માં ગઈકાલે પોઝીટીવ આવેલ મહિલાના પતિ અને પુત્રનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ સાથે આ સેક્ટરમાં કોરોનાના ૩ કેસ થતાં સે. ૩ ને કન્ટેનમેન્ટ ઝોન કેટેગરીમાં મુકવાની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

આ ઉપરાંત નજીકના સેક્ટરો ૨, ૪, ૫, ૬ ને પણ બફર ઝોન વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવશે. આ સેક્ટરમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સને પણ સઘન બનાવવામાં આવ્યુ છે તેમજ સેક્ટરમાં દવા છંટકાવ સહિતની કામગીરીને વેગીલી બનાવવામાં આવી છે.

આ સેક્ટરોમાં તંત્ર દ્વારા આરોગ્ય વિષયક સેવાઓ પણ સઘન બનાવવામાં આવી રહી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

સે. ૭ માંથી એક યુવતીનો કોરોના પોઝીટીવ કેસ સામે આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આ યુવતી પૂના ખાતે અભ્યાસ કરતી હતી અને થોડા સમય અગાઉ જ ગાંધીનગર પરત ફરેલ હતી. આ યુવતીને તાવ અને ઉધરસની ફરિયાદ હતી તેથી તેનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો અને તે ટેસ્ટમાં રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તંત્રએ હાલ તો આ પરિવારના સાત જેટલા સભ્યોને ફેસીલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરમાં ખસેડ્યા છે. આ યુવતીના ઘરનું પણ સેનીટાઈઝેશન કરવામાં આવ્યુ છે. તંત્ર દ્વારા સે. ૭ માં પણ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ સઘન રીતે હાથ ધરવામાં આવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં મનપા દ્વારા આંતર જિલ્લા, આંતર રાજ્યમાંથી પ્રવાસ કરીને ૧૫મી માર્ચ પછી આવેલા લોકોને સેલ્ફ ડેકલરેશન કરવા જણાવ્યુ છે. તેમાં આ યુવતીએ સેલ્ફ ડેકલરેશન કર્યુ હતુ કે કેમ ? તે વિશે કોઈ વિગતો જાણવા મળી શકી નથી કારણ કે તંત્રએ હાલ મૌન ધારણ કરેલુ છે.

દરમ્યાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આ ચારેય દર્દીને સારવાર હેઠળ રાખવામાં આવેલ છે. જ્યાં આ ચારેય દર્દી સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેર જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા આ સાથે ૨૯ પર પહોંચી છે. ગ્રામ્ય વિસ્તારમાં ભાટમાંથી સતત બીજો અને પેથાપુરમાંથી પણ સતત બીજો કેસ મળતાં જિલ્લાતંત્ર સામે વધુ એક પડકારની સ્થિતિ ઉભી થવા પામી છે. તંત્રએ ભાટ અને પેથાપુરમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ સઘન બનાવાવની સૂચનાઓ જાહેર કરી આ બન્ને વિસ્તારોને કલસ્ટર કન્ટેનમેન્ટ કેટેગરીમાં મુકી દીધા છે.

ગઈકાલે ભાટમાંથી અને આજે પેથાપુરમાંથી મળેલા કેસ સાથે ગ્રામ્ય વિસ્તારમાંથી નોંધાયેલા કેસોની સંખ્યા પણ ૧૩ પર પહોંચી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ એકટીવ ૭ જેટલા દર્દી સારવાર હેઠળ છે અને આ ઉપરાંત પાંચ જેટલા શંકાસ્પદ દર્દીઓ છે. જો કે બધાની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

### જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૧ કેસ કોરોનાના નોંધાયા

ગાંધીનગર શહેર જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૩૧ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે જેમાં ૧૫ કેસ ગ્રામ્યવિસ્તારના છે તો ૧૬ કેસ શહેરી વિસ્તારના છે.

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આજે જારી કરાયેલ વિગતોમાં જણાવાયા પ્રમાણે ગાંધીનગર તાલુકામાં સૌથી વધુ ૧૦ કેસ નોંધાયા છે. માણસા તાલુકામાં ૨ કેસ, કલોલ તાલુકામાં ૧ કેસ અને દહેગામમાં ૨ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૧૫ કેસ પૈકી ૯ કેસ હાલ સારવાર હેઠળ છે જ્યારે ૧ દર્દીનું મૃત્યુ થયુ છે. પાંચ દર્દી કોરોના મુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

જિલ્લામાં રેપીડ ટેસ્ટ કીટ જે ૨૦૦ મળી છે તેમાંથી અત્યાર સુધીમાં ૫૩ ટેસ્ટ કરવામાં આવ્યા છે. આજે એક જ દિવસમાં ૧૧ ટેસ્ટ આ કીટથી કરવામાં આવ્યા હતા.

આ યાદીમાં જણાવાયા મુજબ જિલ્લામાં હાલ ૧૪૦ લોકો હોમ ક્વોન્ટાઈન, ૮૩ લોકો સરકારી ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં અને ૨૭ લોકો પ્રાઈવેટ ફેસેલીટી ક્વોરોન્ટાઈન મળી કુલ ૨૫૧ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે.

### શહેર-જિલ્લાના કોરોના પોઝીટીવના ૧૪ દર્દીઓ સારવાર હેઠળ

**ગાંધીનગરમાં નોંધાયેલ ૩૧ કેસમાંથી ૧૫ સ્વસ્થ થતાં રજા અપાઈ છે જ્યારે બે ના મૃત્યુ થયા છે**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર-જિલ્લામાં ૨૭મીની સાંજ સુધી નોંધાયેલા ૩૧ કેસ પૈકી ૧૫ દર્દીઓને સારવાર બાદ રજા અપાઈ છે. જ્યારે બે ના મૃત્યુ થયા છે. હાલમાં ૧૪ દર્દીઓ સારવાર હેઠળ છે. સારવાર હેઠળ રહેલા દર્દીઓની વિગતો.


| ક્રમ | જાતિ | ઉમંર | રહેઠાણ |
|---|---|---|---|
| ૧ | પુરૂષ | ૩૨ | સ્ટાફ ક્વાર્ટર્સ, સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, સે. ૧૨ |
| ૨ | સ્ત્રી | ૫૨ | પ્લોટ નં. ૬૯૮/૧, સે.૩-સી |
| ૩ | પુરૂષ | ૬૩ | પ્લોટ નં. ૬૯૮/૧, સે. ૩-સી |
| ૪ | પુરૂષ | ૩૯ | પ્લોટ નં. ૬૯૮/૧, સે. ૩-સી |
| ૫ | સ્ત્રી | ૨૫ | ૧૨૦૭/૨, સે. ૭-ડી |
| ૬ | પુરૂષ | ૨૦ | ભાટ |
| ૭ | પુરૂષ | ૩૩ | રાંધેજા |
| ૮ | સ્ત્રી | ૪૪ | સ્થાપન-૧, સરગાસણ |
| ૯ | પુરૂષ | ૫૩ | ઈટાદરા |
| ૧૦ | પુરૂષ | ૫૮ | પાલૈયા, દહેગામ |
| ૧૧ | પુરૂષ | ૪૨ | પાલૈયા, દહેગામ |
| ૧૨ | પુરૂષ | ૩૦ | પેથાપુર |
| ૧૩ | પુરૂષ | ૨૪ | કોટેશ્વર |
| ૧૪ | પુરૂષ | ૩૧ | અદાણી શાંતિગ્રામ |

### શાંતિગ્રામમાં પણ એક કેસ કોરોનાનો નોંધાયો

ગાંધીનગર તાલુકામાં શાંતિગ્રામ અદાણીના મેડાઉ ટાવરમાં એક યુવાનને કોરોના પોઝીટીવ જણાતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લામાં નોંધાયેલ ૩૧ દર્દી પૈકી ૧૪ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે. બે દર્દીના મોત નિપજ્યા છે. જ્યારે ૧૫ દર્દીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

શાંતિગ્રામમાંથી મળેલા કેસને પગલે તંત્રએ ત્યાં કામગીરી હાથ ધરી છે. જિલ્લામાં આજે એક જ દિવસમાં પાંચ કેસ નોંધાયા છે જેમાં બે ગ્રામ્ય વિસ્તારમાંથી અને ૩ શહેરી વિસ્તારમાંથી નોંધાયા છે.



તસવીર : શેખર ગદાણી

સંદેશાત્મક ચિત્ર - શહેરના રાજમાર્ગ સમા ચ-માર્ગ પર કોરોના સામેના જંગમાં જનજાગૃતિ પ્રસરાવવાના હેતુસર દોરાયેલા સંદેશાત્મક ચિત્રનો એરિયલ વ્યુ ઐતિહાસિક બની રહ્યો છે...

# નગરમાં કોરોનાના કેસ વધતા નગરજનોમાં ઉચાટ વચ્ચે લોકડાઉન લંબાવવા બહુમત

## આગામી ૩ મેં સુધીનુ લોકડાઉન આગળ પણ લંબાવાય તે અનિવાર્ય : નાગરિકોનો સુર : બીજીતરફ નાના મોટા વેપારીઓ માટે આર્થિક નુકશાની પણ ચિંતાનો વિષય

ગાંધીનગર તા ૨૭

કોરોનાનો કહેર દિનપ્રતિદિન વધી રહ્યો છે. આવા સંજોગોમાં દેશમાં આગામી તા ૩ મેં સુધી જારી કરાયેલા લોકડાઉનને લંબાવવાની અનિવાર્યતા હોવાનો પણ આમ નાગરિકો સુર ઉઠાવી રહ્યા છે. ગુજરાતમાં પણ રોજબરોજ કોરોનાના નવા દર્દીઓ સામે આવતા સરકારની ચિંતા વધી છે જયારે ગાંધીનગરમાં પણ હવે કોરોનાના દર્દીઓ વધી રહ્યા છે. ત્યારે સ્થાનિક નાગરિકોમાં પણ ઉચાટ છે. આવા સંજોગોમાં ગુજરાતમાં પણ લોકડાઉન લંબાવવામાં આવે તેવો સુર ઉઠવા પામ્યો છે બીજીતરફ કેટલાક વેપારીઓ લોકડાઉનના અંતે હવે કામધંધા શરૂ થાય તેવુ પણ ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગરમાં છેલ્લા ૩૪ દિવસથી લોકડાઉન છે. જયારે બીજા તબક્કાના લોકડાઉનનો



સમયગાળો પણ આગામી સપ્તાહમાં પુર્ણ થશે ત્યારે હજુ પણ લોકડાઉન લંબાવવા માટે પણ પ્રબળ માંગ ઉઠી રહી છે. નાગરિકોમાં કોરોનાની મહામારીને અનુલક્ષી સ્વયંશિસ્ત જોવા મળી રહી છે. આવા સંજોગોમાં કોરોનાનો રોગચાળો ફેલાતો અટકે તે માટે સોશિયલ ડીસ્ટન્સીંગ રાખીને નાગરિકો માસ્કનો ઉપયોગ કરી રહ્યા છે. પ્રધાનમંત્રીએ તા ૩ મેં સુધી સમગ્ર દેશમાં બીજા તબક્કામાં લોકડાઉન લંબાવાની જાહેરાત કરી છે. ત્યારે ગુજરાતના અમદાવાદ, સુરત, બરોડા અને રાજકોટ સહીતના વિસ્તારમાં પણ કોરોનાના દર્દીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. બીજીતરફ ગાંધીનગરમાં પણ હવે કોરોનાના દર્દીઓની સંખ્યા વધી છે. આજે પણ ગાંધીનગર જિલ્લામાં કોરોનાના નવા ૫ કેસ નોંધાયા છે. જેના લીધે સ્થાનિક વહીવટી તંત્ર અને સરકારની ચિંતા વધી છે. શહેરના સેકટરોમાં કોરોનાએ પગપેસારો કરવાનુ શરૂ કરતા સ્થાનિક રહીશો પણ આ મામલે વધુ જાગૃત બન્યા છે. ત્યારે આગામી તા ૪ મેં થી લોકડાઉન નહી ખોલવા માટે પણ સુર ઉઠવા પામ્યો છે. શહેરમાં કોરોનાના કેસ વધતા નગરજનોમાં ઉચાટ છે. ત્યારે લોકડાઉનની તારીખ લંબાવામાં આવે તે અનિવાર્ય હોવાનુ પણ નાગરિકો માની રહ્યા છે.

દેશમાં વિવિધ રાજયો દ્વારા લોકડાઉન લંબાવવા માટે પ્રધાનમંત્રીને માંગણી કરવામાં આવી છે. ત્યારે ગુજરાતમાં પણ હોટસ્પોટમાં પરિવર્તિત થયેલા શહેરોને અનુલક્ષીને છુટછાટ આપવામાં ન આવે તેવી પુરતી શકયતા છે. આવા સંજોગોમાં સમગ્ર ગુજરાતમાં પણ લોકડાઉનની અવધી વધારવામાં આવે તે જ જનસુખાકારી માટે હીતાવહ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. બીજીતરફ વેપારીઆલમમાં આ વાતની ચિંતા છે. છેલ્લા દોઢ મહીનાથી કામધંધા ઠપ્પ થઈ ગયા છે. આવા સંજોગોમાં લોકડાઉન લંબાવામાં આવે તો આર્થિક નુકશાની હવે સહન થઈ શકે તેમ નથી. પરંતુ નાગરિકો જ હવે સ્વયંભુ કામ સિવાય ઘરની બહાર જવામાં માનતા નથી. ત્યારે લોકડાઉન અંગે શુ નિર્ણય લેવાશે તે આગામી દિવસોમાં સ્પષ્ટ થઈ જશે.

### ગાંધીનગરમાં કોરોનાના કહેર વચ્ચે ગરમીનો મિજાજ પણ આકરો બન્યો

**મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રીએ પહોંચ્યુ ગઇકાલની સાપેક્ષમાં એક ડીગ્રી વધુ : આકરી ગરમી સાથે બફારો અનુભવતા નગરજનોમાં બેચેની**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં કોરોના કહેર વચ્ચે ગરમીનો પારો પણ ઉંચકાયો છે. આકરી ગરમીના લીધે નગરજનો ગુંગળામણ અનુભવી રહ્યા છે. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો એક ડીગ્રી ઉંચો આવતા મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રી એ પહોંચી ગયુ હતુ. જયારે આકરી ગરમીની સાથે નગરજનોએ રાત્રિના સમયે પણ બફારો અનુભવ્યો હતો.

શહેરમાં છેલ્લા ૧૫ દિવસથી ગરમીનો કહેર યથાવત છે. કોરોનાની સાથે ગરમીનો પારો પણ તપેલો છે. જયારે છેલ્લા બે દિવસથી આકરી ગરમી સાથે બફારો પણ અનુભવતા નાગરિકો ઉનાળાની મોસમથી વિશેષ પ્રભાવિત છે. દિવસ દરમિયાન લોકડાઉનની અસર વચ્ચે ગરમીમાં આમ પણ નાગરિકો ઘરની બહાર નિકળતા નથી પરંતુ દિવસના આકરા તાપ બાદ રાત્રિના સમયે ઘરમાં બેસી રહેવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. દિવસની ગરમીના અંતે રાત્રિના સમયે પણ અસહ્ય બફારો અનુભવતા નગરજનો ગરમીના લીધે ગુંગળામણ

● અનુસંધાન પાન-૭ પર

### લોકડાઉનમાં ગાંધીનગરમાં મીઠાઈ-ફરસાણના વેપારીઓની હાલત દયાજનક

**લાંબા સમયથી દુકાનો બંધ રહેતા આર્થિક સંકટ : લોકડાઉનમાં કરિયાણા, બેકરી, ડેરી પાર્લરો ખુલ્લા છતા ગુણવત્તા યુક્ત મીઠાઇ ફરસાણ તૈયાર કરતા વેપારીઓને છુટ નહીં : મીઠાઇ ફરસાણના વેપારીઓએ મુખ્યમંત્રીનો રજુઆત કરી**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં લાંબા સમયથી મીઠાઈ ફરસાણની દુકાનો બંધ છે. ત્યારે લોકડાઉન દરમિયાન કરિયાણા અને બેકરી તેમજ ડેરી આઈટમનુ બજારમાં વેચાણ થાય છે. પરંતુ વેપારીઓએ તૈયાર કરેલી ગુણવત્તા યુક્ત મીઠાઈ ફરસાણના વેચાણ માટે છુટછાટ આપવામાં આવી નથી. આવા સંજોગોમાં મીઠાઈ ફરસાણના વેપારીઓ પર ગંભીર આર્થિક સંકટ આવ્યુ છે. જેને ધ્યાને લઈ મીઠાઈ ફરસાણના વેપારીઓને છુટછાટ આપવા પણ તાલુકા મીઠાઈ એસોસિએશને મુખ્યમંત્રીને રજુઆત કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com